# <u>૪–(૧) (ખ) (૩)</u>

**દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ :– યુ.સી.ડી. વિભાગ ધ્વારા અમલીકૃત યોજનાઓમાં હાથ ધરવામાં આવતી મુખ્ય કામગીરી નીચે મુજબ છે.**

## ૧. સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (એસ.જે.એસ.આર.વાય.)

- સ્લમ વિસ્તારમાં મીટીંગ અને વાર્તાલાપ ધ્વારા યોજનાની માહિતી આપવામાં આવે છે.
- આ યોજનામાં એસ.જે.એસ.આર.વાય. અંતર્ગત બીપીએલ કાર્ડ ધારકોને જ લાભ મળી શકે.
- અરજદાર છેલ્લા ત્રણ વર્ષથી સુરત શહેરમાં રહેતો હોવો જોઈએ.
- ફોર્મ જરૂરી પુરાવા સાથે ભરી યુ.સી.ડી. વિભાગમાં જમા કરાવવું.
- ઓફિસ લેવલે ફોર્મની જરૂરી ચકાસણી કરવામાં આવશે.
- સમાજ સંગઠક ધ્વારા સ્થળ તપાસ કરી યોગ્ય તે ભલામણ કરવામાં આવે છે.
- ફોર્મ જરૂરી પુરાવા–ભલામણ સહિત બેંકમાં મોકલવામાં આવે છે.
- બેંક ધ્વારા ચકાસણી કરીને યોગ્યતે અરજદારની લોન મંજુર કરે છે.
- બેંક ધ્વારા લોન મંજુર થયા બાદ વિભાગમાં કલેઈમ આવ્યેથી સબસીડીની ચૂકવણી.
- **દેખરેખ અને જવાબદારીનું માધ્યમ :–**
  ઉકત યોજનાના અમલીકરણમાં પ્રક્રિયા નીચેની વિગતે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે.
- **અરજદાર અરજી ફોર્મ જરૂરી વિગત સાથે જમા કરાવે :–**

સમાજ સંગઠક ધ્વારા અરજીની પાત્રતાને ધ્યાને લઈ ભલામણ– ઈન્વેસ્ટીગેટર– સેકશન ઓફિસર– ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર– ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રીની ભલામણ સાથે બેંકમાં મંજુરી પ્રક્રિયા માટે રજુ– બેંક ધ્વારા અરજી સંદર્ભે યોગ્યતે નિર્ણય.

## ૨. ઉમ્મીદ :–

- રાજય સરકાર પુરસ્કૃત સુરત મહાનગરપાલિકાના ઈન્ફ્રાસ્ટ્રકચર સપોર્ટ સાથે રાજય સરકાર નિયુકત રીસોર્સ એજન્સીઓ ધ્વારા શહેરના બેરોજગાર અર્ધકુશળ શહેરી ગરીબ, જરૂરતમંદ યુવક– યુવતીઓને તેઓના રસ રૂચિ અને વર્તમાન સમયની જરૂરીયાતને અનુલક્ષીને સઘન વ્યવસાયિક તાલીમ આપી લાભાર્થીને રોજગારી પ્રાપ્ત કરાવવામાં આવે છે.

- રાજય સરકાર ધ્વારા નિયુકત એજન્સીઓમાંથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ઉમ્મીદ તાલીમ સેન્ટર શરૂ કરવા રસ ધરાવતી એજન્સીઓની નિમણુંક કરવી.

- નિમણુંક પામેલ એજન્સીઓ ધ્વારા શરૂ કરવામાં આવનાર ટ્રેડોને ધ્યાને લઈ ઉમ્મીદ તાલીમ સેન્ટરોની ફાળવણી કરવી.

- શરૂ થનાર તાલીમ સેન્ટરોમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા પુરી પાડવી.
- તાલીમ વર્ગ શરૂ કરવા માટે એજન્સી ધ્વારા લાભાર્થીની ઓળખ માટે કરવામાં આવતા પ્રચાર–પ્રસારની કામગીરીમાં એજન્સીને સપોર્ટ પુરો પાડવો.
- એજન્સી ધ્વારા પાત્ર લાભાર્થીઓની ઓળખ કરી પ્રવેશ આપવામાં આવે છે.
- એજન્સી ધ્વારા લાભાર્થીઓની રસ–રૂચિને ધ્યાનમાં લઈ મુખ્ય વિષયો પૈકી કોઈપણ એક વિષયની મુખ્ય વિષય તરીકે પસંદગી કરાવવી.
- તાલીમના નિયત સમયગાળા દરમ્યાન લાભાર્થીઓને જે તે વિષયની પ્રેકટીકલ અને થિયરીકલ તાલીમ આપવી.
- સફળતાપુર્વક તાલીમ પૂર્ણ કરેલ લાભાર્થીઓને પ્રમાણપત્ર આપવું.
- તાલીમ પૂર્ણ કરેલ લાભાર્થીઓને તાલીમી સંસ્થા ધ્વારા પ્લેસમેન્ટ સપોર્ટ પુરો પાડી સમયાંતરે તેનું ફોલોઅપ કરવું.

**(૩) બાળ માર્ગદર્શન કેન્દ્ર :–**

- રાજય સરકારના સમાજ સુરક્ષા વિભાગ અનુદાનિત બાળ માર્ગદર્શન કેન્દ્ર સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી. વિભાગ ધ્વારા એચ.૧, ઈ.ડબ્લ્યુ.એસ.આવાસ, કોસાડ, સુરત. ખાતે ચલાવવામાં આવે છે.
- વિસ્તારમાં સર્વે ધ્વારા ૬ થી ૧૬ વર્ષની વય જુથના કિશોર– કિશોરીઓની લાભાર્થી તરીકે ઓળખ કરવી.
- ઓળખ થયેલ કિશોર– કિશોરીઓને બાળ માર્ગદર્શન કેન્દ્રના લાભાર્થી તરીકે નોંધણી કરવી.
- કુમળી વય જુથના કિશોર–કિશોરીઓ જાણે–અજાણે અસામાજિક, અનૈતિક, અને ગૈર કાનુની પ્રવૃત્તીઓ તરફ ન વળે તે માટે નોંધાયેલ લાભાર્થીઓની વ્યકિતગત કેસ ફાઈલ તૈયાર કરી સમયાંતરે વાલીઓ સાથે મુલાકાત કરી લાભાર્થીઓની વર્તણુંક, પ્રવૃત્તિ વિગેરે બાબતે ચર્ચા કરી, જરૂરી સુચના– માર્ગદર્શન આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- બાળકોને સામાજિક દુષણો અને વ્યસનોથી મુકત કરી/ દુર રાખી તેઓમાં સુયોગ્ય સંસ્કારોનું સિંચન ધ્વારા સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવાની કામગીરી કરવામાં આવે છે.
- આ ઉપરાંત વિવિધ ઈન્ડોર– આઉટ ડોર રમતો જેવી કે કેરમ, ચેસ, ફુટબોલ,વોલીબોલ, કબડ્ડી વિગેરે પ્રવૃત્તિઓ સ્પર્ધાઓ, વ્યકિતત્વ વિકાસના કાર્યક્રમો, રાષ્ટ્રીય તહેવારની ઉજવણી, તેમજ વાંચનમાં રૂચિ કેળવાય તે માટે વાંચનાલય જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.